૧.૪૨ લાખ હેક્ટર જમીનમાં પાક તૈયાર

જિલ્લાના ખેતરોમાં મગફળી કાઢવાની શરૂઆત

વરસાદ થંભી જતાં ખેતરો ખેડૂત-શ્રમજીવીઓની હાજરીથી ધમધમ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ થંભી જતાં ઓણસાલ વહેલું વાવેતર કરનારા ખેડૂતોએ મગફળીનો પાક કાઢવાની શરુઆત કરી છે. છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં મગફળી કાઢવાનો ધમધમાટ ખેતરોમાં જોવા મળી રહ્યો છે. વર્તમાન ખરીફ સીઝનમાં બંન્ને જિલ્લામાં ૧,૪૨,૨૫૧ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર થયું હોવાથી બમ્પર ઉત્પાદનની ખેડૂતોએ આશા રાખી છે.

જિલ્લાના ખેડૂતોએ આ વર્ષે ચોમાસુ સીઝનની ખેતીમાં કપાસ કરતાં પણ મગફળીના પાક ઉપર મોટી આશા રાખી છે. ચોમાસાની સીઝનમાં સાર્વત્રિક વરસાદ પછી બંન્ને જિલ્લામાં ખેડૂતોએ મગફળીનું વાવેતર કર્યું. વાવેતર બાદ વરસાદ ધાર્યા કરતાં વધુ

ચાતાં સિંચાઈનાં પાણી આપી વાવેતરનું જતન કરવામાં આવ્યું. શ્રાવણ મહિના પછી સતત વરસાદ વરસવા લાગતાં કેટલાક વિસ્તારોમાં ખેતરમાં જ મગફળી ફરીથી ઉગી નિકળતાં ખેડૂતોને પાક ઉત્પાદનમાં ફટકો સહન કરવો પડે તેવી ભીતી વ્યક્ત થઈ પરંતુ હવે વરસાદ વિરામ લીધા પછી ખાસ કરીને મગફળીનું વહેલું વાવેતર કરનારા ખેડૂતોએ મગફળી કાઢવાની શરુઆત કરી દીધી છે. ખેતરોમાં ભેજ જળવાયેલો રહેતાં ખેતમજૂરોને મગફળી કાઢવામાં વધુ આસાની થઈ રહી છે. આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ૭૫,૬૨૮ અને અરવલ્લી જિલ્લામાં ૬૬,૬૨૩ હેક્ટર જમીનમાં મગફળી વાવેતર થયું છે જેમાં પિયત વિસ્તારમાં જે ખેડૂતોએ મગફળીનું વહેલું વાવેતર કર્યું હતું તેવા ખેડૂતોની હાલ પાક તૈયાર થઈ જતાં ખેતમજૂરીની મદદથી ખેતરોમાં મગફળી કાઢવાનો ધમધમાટ શરૂ થયો છે. અગાઉ એકધારો વરસાદ વરસી રહ્યો હોવાથી મગફળીના પાકને નુકસાન જવા ની સંદેહના ધરતીપુત્રોએ વ્યક્ત કરી હતી પરંતુ વરસાદ થંભી ગયા પછી મગફળીના પાકને ફાયદો જ ફાયદો થઈ રહ્યાનું ખેડૂતો બોલી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ફાયર એન.ઓ.સી. વગરની શાળાઓ સીલ કરવાની નિતી સામે રોષ

મુખ્ય શિક્ષકોને ભેખળે ભરાવવાના પ્રયાસ કેટલા યોગ્ય

બાયડ, તા. ૬

છેલ્લા એક પખવાડીયાથી માત્ર સરકારી પ્રા. શાળાઓને ફાયર એન.ઓ.સી. મુદ્દે કઠેરામાં ઉભી કરવાના પ્રયાસ સામે વ્યાપક રોષ સામે આવ્યો છે. સરકારી શાળાઓ છે તેમાં ફાયરની સુવિધા સર્વ શિક્ષા અભિયાનની બાંધકામ વિભાગને કરવાની હોય છે પરંતુ શાળાના મુખ્ય શિક્ષકો જ ગુનેગાર હોય તેવો વ્યવહાર સ્થાનિક તાલુકા-નગરપાલિકા તંત્ર દ્વારા કરાતાં આગામી દિવસોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

રાજયમાં કોરોના સમયે બનેલી આગ લાગવાની ઘટનાઓ દુ:ખદ હતી પરંતુ આગ લાગવા પાછળના સાચા કારણો દબાવી દેવામાં આવ્યા છે અને હવે શાળાઓ તથા હોસ્પિટલોમાં ફાયર એન.ઓ.સી. મુદ્દે પસ્તાળ પાડી તંત્રએ નળવિજ કનેક્શન જોડાણ કાપવાની શરૂઆત કરી છે. જિલ્લામાં ૭ જેટલી સરકારી પ્રા. શાળાઓને નોટીસ આપી તે પૈકી ૩ જેટલી સામે કાર્યવાહી કરતા વાલીઓ ઘૂંઆપુંઆ થઈ ગયા છે. સરકારી પ્રા. શાળા રાજયના પ્રા. શિક્ષણ વિભાગ હસ્તક છે અને આવીજ સરકારની શાળાઓને તંત્ર ફાયર એન.ઓ.સી.ની બેદરકારી બદલ નોટીસ અને કાર્યવાહી કરે ત્યારે ખરેખર આબરૂ કોની જાય..!! શાળાના પ્રા. શિક્ષકોમાં પણ સરકારી શાળાઓ સામે થતી કાર્યવાહીથી સખ્ત નારાજગી પ્રસરી છે.

અરવલ્લીમાં આમ આદમી પાર્ટીનું ખાતુ ખુલ્યુ

પેટા ચૂંટણી : સાબરકાંઠા-અરવલ્લીમાં ભાજપાનું બુલડોઝર ફરી વળ્યું

ભાજપાનો જિલ્લા પંચાયત, નગરપાલિકા અને ૩ તાલુકા પંચાયત બેઠક ઉપર વિજય : ઉબસલ તા.પં. બેઠક ઉપર આપનો વિજય, કોંગ્રેસના સુપડાં સાફ

બાયડ, તા. ૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની એક જિલ્લા પંચાયત, એક નગરપાલિકા અને ૪ તાલુકા પંચાયતની બેઠક ઉપર રવિવારે પેટા ચૂંટણી માટે મતદાન યોજાયા પછી મંગળવારે પરિણામ જાહેર થતાં ભાજપાનું બુલડોઝર ફરી વળ્યુ છે. ૬ બેઠકો પૈકી ૫ બેઠક ઉપર ભાજપાના ઉમેદવારો વિજયી બન્યા છે જ્યારે ભિલોડાની ઉબસલ તા.પં. બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવારની જીત સાથે અરવલ્લીમાં આમ આદમી પાર્ટીનું ખાતુ ખુલ્યુ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તા. ૩ ઓક્ટોબરના રોજ અરવલ્લી જિલ્લાની નાંદોજ જિલ્લા પંચાયત, મોડાસા પાલિકા વોર્ડ નં. ૨, ભિલોડાની ઉબસલ તા.પં., બાયડની હઠીપુરા તા.પં., હિંમતનગરની પરબડા તા.પં. અને પ્રાંતિજની ઘડકણ તા.પં. બેઠક ઉપર પેટા ચૂંટણી માટે મતદાન યોજાતા ૬૦ ટકા સરેરાશ મતદાન નોંધાયુ હતુ.

વિજેતા ઉમેદવારો

બેઠક	વિજેતા ઉમેદવારો	પક્ષ
હઠીપુરા તા.પં.	રણછોડસિંહ બાબરસિંહ સોલંકી	ભાજપા
નાંદોજ જિ.પં.	નિલાબેન મોડીયા	ભાજપા
ઉબસલ તા.પં.	રૂપસિંહ ભગોરા	આમ આદમી પાર્ટી
મોડાસા પાલિકા વોર્ડ નં. ૨	અર્જુન રાઠોડ	ભાજપા
પરબડા તા.પં.	ભરતકુમાર બી. જાદવ	ભાજપા
ઘડકણ તા.પં.	ચતુરસિંહ કાળુસિંહ ડાભી	ભાજપા

મંગળવારે પરિણામ જાહેર થતાં ૫ બેઠક ઉપર ભાજપાના ઉમેદવારો વિજયી થતાં ભાજપાની છાવણીમાં ખુશાલી છવાઈ હતી. ઝડપથી જનાધાર ગુમાવતી કોંગ્રેસની પેટા ચૂંટણીમાં સૂપડા સાફ જેવી સ્થિતિ જોવા મળી. પેટા ચૂંટણી જંગમાં ભાજપાના ભવ્ય વિજયનો યશ સંગઠન દ્વારા કાર્યકરોને આપવામાં આવ્યો છે.

અરવલ્લીમાં વિજયનો યશ કાર્યકરોને : સંગઠન પ્રમુખ

અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે પેટા ચૂંટણીમાં ૪ બેઠકોમાંથી ૩ બેઠકો ઉપર ભાજપાના ઉમેદવારોનો વિજય થતાં મતદારોએ ભાજપાની વિકાસની રાજનીતિને જીત અપાવી છે તેમ જણાવી જિલ્લામાં પેટા ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ જતાં કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને મતદારોએ ફગાવી છે તેમ કહી પેટા ચૂંટણી જંગના વિજયનો યશ ભાજપાના કાર્યકરોને આપ્યો હતો.

ગણપત યુનિવર્સીટી કોમ્પ્યુટર સ્ટડીઝ કોલેજ દ્વારા ઓનલાઈન વર્કશોપ યોજાયો

ગણપત વિદ્યાનગર, તા. ૬

ગણપત યુનિવર્સિટી ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનના એક ઈન્સ્ટિટ્યૂટ 'આચાર્ય મોતીભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ' દ્વારા તાજેતરમાં એક ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના એક પ્રકલ્પ 'ગુજકોસ્ટ' અને 'ડીએસટી'ના સહયોગ સાથે યોજાયેલા આ વર્કશોપનો વિષય હતો 'એસ.ઈ.ઓ. અને સોશિયલ મીડિયા માર્કેટિંગ'

આ ઓનલાઈન વર્કશોમાં ૨૫૦ જેટલાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક મિત્રોએ ભાગ લીધો હતો. આ વર્કશોપના કન્વિનર પ્રો.ડૉ. સત્યેન પરીખે વર્કશોપના વિષયનું મહત્વ અને તેની ઉપયોગિતાના વિવિધ પાસાઓ વિષે વિગતે છણાવટ કરી હતી તો આ વિષયના નિષ્ણાત ડૉ. જયેશ પટેલ, પ્રો. રવિ પટેલ, કરણ પંડ્યા, ભાવિક સોની દ્વારા એસ.ઓ.ઈ. અને સોશિયલ મીડિયા માર્કેટિંગના વ્યાવસાયિક અને વ્યાવાહરિક ઉપયોગ વિષે વિદ્યાર્થીઓને પાન અને માર્ગદર્શન આપ્યુ હતુ. ફેકલ્ટી ડીન પ્રો. ડે. ચૌલેએ પણ એમનું નિષ્ણાત પ્રવચન આપ્યુ હતુ. ડૉ. સાવન પટેલ અને પ્રો. ફાલ્ગુની સુથારે વર્કશોપનું સફળ સંચાલન અને આભારવિધિ કર્યા હતા.

પેટા ચૂંટણીના પરિણામે ભાજપાનો ઉત્સાહ વધાર્યો

જિલ્લામાં આગામી વિધાનસભા ચૂંટણીમાં પક્ષપલ્ટો કરવાનું વિચારતા ભાજપાના મહત્વાકાંક્ષીઓની ઉંઘ હરામ

જ્ઞાતિવાદના જોરે ભાજપાને બતાવી દેવાનો કારસો રચી રહ્યો છે

બાયડ, તા. ૬

ગતરોજ સ્થાનિક સ્વરાજયની પેટાચૂંટણીના પરિણામ જાહેર થયાં, વધતી મોઘવારીની બુમ વચ્ચે પણ ભાજપાએ પ્રચંડ જીતનો પરચમ લહેરાવ્યો જેથી ભાજપા સંગઠન-કાર્યકરોમાં ઉત્સાહ વધ્યો છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપાના મહત્વાકાંક્ષીઓ ટીકીટ ન મળે તો પક્ષપલ્ટો કરી બતાવી દેવાનું વિચારતા હતા તેમની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્ઞાતિવાદના જોરે અત્યાર સુધી મુખ્ય રાજકીય પક્ષોનું નાક દબાવતા કેટલાક જ્ઞાતિના આગેવાનો પ્રચાર કરતા હતા તેના ઉપર સંભવ છે કે ઓટ આવી શકે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પક્ષપલ્ટુઓનો તોટો નથી. આવા નેતાઓને મોડે મોડે પણ મતદારોએ પોતાનું સ્થાન દેખાડી દીધુ છે. જ્યારે વર્ષ ૨૦૨૨ માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપા-કોંગ્રેસમાં કેટલાક નેતાઓએ જ્ઞાતિનું ભલુ કર્યુ નથી પોતાના ઘર ભર્યા છે તેવા આગેવાનો જ્ઞાતિવાદના જોરે બાયડ-મોડાસા-હિંમતનગર વિધાનસભાની ટીકીટ મેળવવા થનગનાટ શરૂ કર્યો છે. કેટલાક તો અવનવા તાયફા પણ શરૂ કર્યા છે. પરંતુ તેમની સત્તા મહત્વાકાંક્ષા આ વખતની ચૂંટણીમાં પૂરી થાય તેવુ જણાતુ નથી. પેટા ચૂંટણીના પરિણામો બે શક ભાજપા માટે ખુશાલી વ્યક્ત કરવાના છે. પરંતુ ભાજપા દ્વારા પાયાના કાર્યકરોને જે રીતે સાઈડલાઈન કરવાનો અભિગમ શરૂ થયો છે તે આવનારા દિવસોમાં પક્ષ માટે ઘાતક સાબિત થઈ શકે છે.

તારી પાઘલડીમાં ફૂમતુ રે... મને ગમતુ રે...

સાબરકાંઠા-અરવલ્લીમાં આજથી નવરાત્રીનો પ્રારંભ

રાત્રિ થતાં જ ફરી જગમગતી રોશનીથી અજવાળાં થશે : ખેલૈયાઓમાં ઉત્સાહ, જીવાતોનો ઉપદ્રવ પરેશાન કરે તેવી દહેશત

બાયડ, તા. ૬

ખેલૈયાઓ આખરે રાહ જોતા હતા તે નવરાત્રી પર્વનો આજે ગુરૂવારથી પ્રારંભ થઈ રહ્યો છે. શુભ મુહૂર્તમાં માતાજીનું ઘટ સ્થાપન કરાશે ત્યારબાદ નવ દિવસ માતાજીની આરતી પછી રાસ ગરબાની રમઝટ જામશે. રાત્રીથી પરોઢ સુધી ખેલૈયાઓ વાજીંત્રોના તાલે તારી પાઘલડીમાં ફૂમતુ રે... મને ગમતું રે... ના તાલે ગરબાની રમઝટ બોલાવશે. પ્રથમ દિવસે જીવાતોનો ઉપદ્રવ પરેશાન કરી શકે છે.

કોરોનાના કારણે લગભગ મોટા ધાર્મિક ઉત્સવ ઉપર છેલ્લા ૧૮ મહીનાથી પ્રતિબંધ હતો પરંતુ કોરોના સંક્રમણ હળવુ થતા સરકારે ચોક્કસ માર્ગદર્શીકા બહાર પાડી છૂટછાટ આપી છે. આ વખતે નવરાત્રી પર્વ ઉજવવા માટે શેરી ગરબાની છૂટછાટ આપવામાં આવી છે જેમાં માત્ર ૪૦૦ લોકોની ઉપસ્થિતિની મંજૂરી સાથે જ નવરાત્રીનું આયોજન કરવા માટે આયોજક સોસાયટી-મહોલ્લાના જવાબદાર હોદ્દેદારોએ પોલીસને બાંહેધરી પણ આપવાની હોય છે. જે મુજબ જિલ્લાના સાઠંબાથી પોશીના સુધીના વિસ્તારમાં શેરી નવરાત્રીનું આયોજન પુરૂ થયુ છે. અનેક સોસાયટીના રહીશોએ નવરાત્રી પર્વ ઉજવીશુ પરંતુ સાદગીપૂર્ણ ઉજવવાનો નિર્ણય કર્યો છે. અનેક વિસ્તારોમાં કોરોનાથી સ્વજનોના મોત નિપજતાં તેવા વિસ્તારોમાં પણ માત્ર આરતી અને સાદગીથી ગરબા કરી નવરાત્રી પર્વ ઉજવાશે. પરંતુ કેટલાક વિસ્તારમાં ગાયકવૃન્દોને બોલાવી શેરી નવરાત્રીનું આયોજન થતાં આજે સમી સાંજથી સાથીયા પુરાવો દ્વારે...દીવડા પ્રગટાવો દ્વારે...ના તાલ સાથે નવરાત્રી પર્વ શરૂ થવા જઈ રહ્યુ છે. નવરાત્રી પર્વથી પ્રજામાં નવી ઉર્જાનો સંચાર થશે અને અનેક ધંધા રોજગારને નવી ગતિ મળવાની આશા છે.

પ્રાંતિજ ખાતે આયુર્વેદિક હોમિયોપેથીક મેગા કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તાર મા આવેલ શાળા નંબર-૭ ખાતે આયુર્વેદિક હોમિયોપેથીક ફ્રી મેધા કેમ્પ યોજાયો હતો જેમા નગરજનોએ લાભ લીધો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૭૧મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ ખાતે ભારતીય જનતાપાર્ટી શહેર સંગઠન અને પ્રાંતિજ નગર પાલિકા દ્વારા મેધા કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા આયુર્વેદિક હોમિયોપેથીક ડોક્ટરો દ્વારા દર્દીઓને તપાસ કરી દવાઓ વિનામૂલ્યે આપવામા આવી હતી તો નગરજનોએ કેમ્પમા લાભ લીધો હતો આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, મંત્રી ગીરીશભાઈ પટેલ, નગર પાલિકાના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી, મહેશભાઈ સહિત નગરપાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં શુભયોગમાં શ્રાધ્ધ-તર્પણ-પિંડદાન યોજાયાં

સ્વજનોને યાદ કરી અનેક પરિવાર ભાવુક થયા

બાયડ, તા. ૬

બુધવારે અમાસ સાથે શ્રાધ્ધપક્ષ પૂર્ણ થયો ત્યારે હસ્ત નક્ષત્ર, બ્રહ્મયોગ અને નાગકરણનો અનોખો સંયોગ રચાયો જે પિતૃકૃપા પ્રાપ્ત કરવાના શ્રેષ્ઠ અવસર હોવાનું જ્યોતિષીઓ જણાવી રહ્યા છે. અમાસના દિવસે અનેક પરિવારોએ શ્રાધ્ધ, તર્પણ-પિંડદાન કર્યુ હતુ. અનેક પરિવારો સ્વજનોને યાદ કરી ભાવુક થયા હતા.

શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે અમાસના દિવસે કરેલું શ્રાધ્ધ, તર્પણ, પિંડદાન, પિતૃના કરેલા કર્મનું અગણિત ફળ મળે છે. ભાદરવા મહીનામાં ૧૬ દિવસનું શ્રાધ્ધ પક્ષ શરૂ થતાં જ શુભ-માંગલીક કામો ઉપર પાબંધી આવી ગઈ. તા. ૬ ઓક્ટોબર અમાસના દિવસ સાથે શ્રાધ્ધ પક્ષની પૂર્ણાહૂતિ થઈ ત્યારે બુધવારે શુભ સંયોગમાં અનેક પરિવારોએ પિતૃ કૃપા પ્રાપ્ત કરવા શ્રાધ્ધ-ત્રપણ કર્યુ હતુ. મનુષ્યના જીવનમાં પિતૃકૃપા વગર અંધકારમય હોય છે. જીવનમાં આ મુજબ સંતાન, સુખ, વૈભવ, માન, સન્માન, પ્રતિષ્ઠા આરોગ્ય બધુ જ પિતૃઓની કૃપા હોય તો જ પ્રાપ્ત થાય છે. અને શ્રાધ્ધના માધ્યમથી પિતૃઓને આપણા શાસ્ત્રોમાં ૩ ઋણનો વિશેષ ઉલ્લેખ છે. જેમાં દેવ, ઋષિ અને પિતૃ અને પિતૃ ઋણ કેવલ શ્રાધ્ધ કરવાનો અધિકાર જયેષ્ઠ પુત્રને અને નાના પુત્રને હોય છે. શ્રાધ્ધના દિવસે કાગવાસ કરવાનું પણ અનન્ય મહત્વ છે.

કિસાનસંઘના પ્રેરણાશ્રોતનું અવસાન

ઈડર તાલુકા ગાંઠીયોલ ગામના વતની વિરાભાઈ કેશરભાઈ પટેલ તા. ૬-૧૦-૨૦૨૧ની વહેલી

સવારે અવસાનના સમાચાર મળતાં સમગ્ર ગામ અને આજુબાજુના તમામ ગામોમાં અને કિસાનસંઘના પ્રમુખ તેમજ તાલુકા-જિલ્લાના હોદ્દેદારોમાં શોકની લાગણી પ્રસરી હતી.

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગ પાસે રિપોર્ટ મંગાયો, સિંચાઈ વિભાગના અધિક્ષકે વિગત આપવાનું ટાળ્યુ

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગ અધિક્ષક દ્વારા ગ્રાન્ટ ફાળવણીમાં ભેદભાવ તેમજ તીનપત્તીમાં ઈજનેર પકડાયો છતાં તપાસ દબાવી હોવાના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં ઉચ્ચકક્ષાએથી ગ્રાન્ટ ફાળવણી અંગેનો રિપોર્ટ માંગતા સિંચાઈ વિભાગના અધિક્ષક એન.વી. કોટવાલ સહીતના અધિકારીઓમાં હલચલ મચી છે. જ્યારે અધિક્ષકે આ અંગે વિગત આપવાનું ટાળી દીધુ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગમાં ભાગબટાઈના આક્ષેપની લોકચર્ચાઓએ હલચલ મચાવી દીધી છે. અધિક્ષક દ્વારા સાબરકાંઠામાં સાગમટે ૪ તાલુકામાં ૯ કરોડની ગ્રાન્ટ ફાળવી પરંતુ અરવલ્લી જિલ્લામાં ગ્રાન્ટ ફાળવણીમાં વિલંબ કરતાં મામલો ગરમાયો અને સરપંચોએ વિભાગના અધિકારી વિરુદ્ધ રજૂઆત કરી હતી. ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં વડી કચેરીએ અધિક્ષક પાસે વિગતવાર અહેવાલ માંગ્યો છે. જ્યારે જિલ્લામાં એક જ ઈજનેરને ૪ સ્થળના ચાર્જ આપવા પાછળનું કારણ પણ મોટો મુદ્દો બની શકે છે. વિભાગના એક ઈજનેર તીન પત્તીમાં પોલીસની ચૂંગાલમાં ફસાયા હતા અને ખાતાકીય કાર્યવાહી ન કરવા માટે પણ માતબર રકમ ખંખેર્યાની લોકચર્ચા મુદ્દે તપાસ શરૂ થઈ શકે છે જેમાં અધિક્ષકના પગ નીચે રેલો આવવાની સંભાવના છે.

સર્વ પિતૃ અમાસ : આકરૂન્દ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સામૂહિક ભોજન અપાયુ

શ્રાધ્ધ પક્ષની સર્વ પિતૃ અમાસ સાથે પૂર્ણાહૂતિ થઈ. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કૂલમાં બુધવારે સર્વ પિતૃ અમાસ નિમિત્તે મોડાસા આર.એન્ડ.બી. વિભાગના નાયબ ઈજનેર નિર્મલ યશવંતભાઈ પટેલ (સાપરાવાળા) દ્વારા વિદ્યાર્થીઓને સામૂહિક ભોજન આપવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ગાયત્રી મંત્ર બાદ સામુહીક ભોજનનો લાભ લીધો હતો. આકરૂંદ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલની પ્રેરણાથી સામુહીક ભોજન કાર્યક્રમનું આયોજન થતાં ભોજનદાતાનો આકરૂન્દ કેળવણી મંડળ તથા શાળા સ્ટાફે આભાર માન્યો હતો.